CCPS An AIChE Technology Alliance Center for Chemical Process Safety

www.aiche.org/ccps

Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

**ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો**

This issue sponsored by

ioMosaic

www.iomosaic.com

# ઘરે જોખમી રસાયણોનું રીએક્શન !

જુન -૨૦૧૬




શું તમે જાણો છો કે કેટલાંક ઘરગથ્થુ સફાઇ ઉત્પાદકો ને મીક્ષ કરવું તે પ્રાણઘાત્તક બની શકે છે ? ઘણાં સફાઇ ઉત્પાદનોમાં પ્રવાહી એમોનીયા હોય છે. ઘરો માં પ્રચલીત રીતે વપરાતુ બીજું રસાયણ છે બ્લીચ- સોડીયમ હોપોક્લોરાઇટનું પાણીવાળું પ્રવાહી. આપણે બ્લીચને ધોવામાં વાપરીએ છીએ અને ઘરની બીજી સફાઇ કરવામાં અને જંતુમુક્ત કરવામાં વાપરીએ છીએ. જો તમે આ બંને રસાયણો ને મીક્ષ કરશો તો, રસાયણીક પ્રક્રિયાથી ઝેરી ગેસ ઉત્પન્ન થશે જેને ક્લોરાએમાઇન કહે છે. આ ગેસને શ્વાસમાં લેવાતા તે પ્રાણઘાત્તક થઇ શકે છે. તમે ઇન્ટરનેટ પર એવા ઘણાં અહેવાલ શોધી શકો જેમાં આ રસાયણોના મિશ્રણથી તથા બીજા ઘણાં સામાન્ય રીતે વપરાતાં ઘરગથ્થુ રસાયણોને કારણે ગંભીર ઇજાઓ અને મૃત્યુ થયાં હોય.

આવતાં મહિનાના બીકનમાં આપણે એવાં સાધન વિશે ચર્ચા કરીશું જેને કેમીકલ ઇન્ટરેક્શન મેટ્રીક્સ (રસાયણના મિશ્રણ મેટ્રીક્સ) નામથી ઓળખાય છે. જેને ઘણી સંસ્થાઓ, ઇન્કોમ્પેટીબલ રસાયણો ના મિશ્રણ થી સંભવિત જોખમો ઓળખવા ઉપયોગ કરે છે.

## તમે શું કરી શકો?

- આ બીકનને તમારાં પરીવાર અને મિત્રોને વંચાવો.
- તમારું પ્રક્રિયા સુરક્ષાનું જ્ઞાન ઘરે વાપરો ! કારણકે તમે જોખમી પદાર્થો અને પ્રક્રિયાઓમાં કામ કરેલ છે; તમારી પાસે વિશિષ્ટ અનુભવ અને તાલીમ છે જે તમારાં કામથી દૂર હોવ ત્યારે મુલ્યવાન છે. તમારાં મિત્રોને અને પરીવાર ને સુરક્ષા પગલાં લેવાનું યાદ કરાવો જે તમે કામ દરમિયાન જોખમી પદાર્થો વાપરતાં કરતાં હોવ છો. તમે જીંદગી પણ બચાવી શકો છો ! દા.ત.
    - હંમેશા ઘરગથ્થુ ઉત્પાદકો ઉપર છાપેલી ચેતવણી વાંચો અને તેમાં જણાવેલી સાવચેતીઓનું વાપરતી વખતે અને સંગ્રહ કરતી વખતે પાલન કરો.
    - હંમેશા ઉત્પાદકો ઉપર દર્શાવેલ અંગત સુરક્ષાના સાધનો વાપરો.
    - ઘરે જ્યારે જોખમી પદાર્થો પર કામ કરવાનું થાય ત્યારે, હંમેશા ખાતરી કરો કે તમે એવી જગ્યાએ કામ કરો છો જ્યાં પુરતો હવાઉજાસ છે જેથી જોખમી વાયુઓ ની માત્રા હવામાં અદ્રશ્ય થઇ જાય.
    - જ્યાં સુધી ઘરગથ્થુ ઉત્પાદકો ને મીક્ષ કરવાથી તેમાં સંભવીત જોખમો અને અસર વિશે સંપૂર્ણ જાણકારી ન મેળવો ત્યાં સુધી તેમને મીક્ષ ન કરો.
- તમારાં મિત્રો અને પરીવાર માટે એક સારું ઉદાહરણ સ્થાપિત કરો. તમે જ્યારે ઘરે જોખમી પદાર્થને વાપરતાં હોવ ત્યારે તમે જે રીતે કારખાનામાં કામ દરમિયાન સાવચેતી રાખો છો તેવી જ સાવચેતી ઘરે કામ કરો ત્યારે પણ રાખો. તમે બીજી વ્યકિતઓને જોખમી રસાયણો યોગ્ય સુરક્ષા સાવચેતી રાખ્યા વગર વાપરતાં જુઓ તો રસાયણો ને સુરક્ષીત રીતે કેમ વાપરવાં તે વિશે જણાવો.

**તમારૂં સુરક્ષા વિશેનું જ્ઞાન ઘરે પણ વાપરો અને વહેંચો !**

©AIChE 2016. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

**The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Czech, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Italian, Japanese, Korean, Malay, Marathi, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, and Vietnamese.**